* M B I - 0 0 1 - 0 0 1 2 2 2 - 9 0 - 4 *

**MBI-001-001222** Seat No. ________

# B. A. (Sem. II) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati : Paper - IV

**(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ - ૨)**

*(Core) (Old Course)*

**Faculty Code : 001**

**Subject Code : 001222**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેના 'બે' પૈકી કોઈ પણ **'એક'** ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

**(૧)**

તમને ઠીક લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઈ વસ્તુ માની નલો. આત્માને પશુની કક્ષાએ નીચે શા માટે ઉતારવો ? આથી તમે તમારી જાતને જ નહિ પરંતુ સમાજને પણ નુકસાન પહોંચાડો છો, અને તમારી પછી આવનારાઓને ભયમાં મૂકો છો. જાગો અને અંધશ્રદ્ધા રાખ્યા સિવાય બુદ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહિ પણ પામવાનો અને અનુભવવાનો સવાલ છે. આ ધર્મ છે અને તમે જ્યારે તેને પામો ત્યારે જ તમને ધર્મ લાધ્યો દેખાય. તે પહેલાં તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુદ્ધ કહે છે : ''તમે જે સાંભળ્યું હોય તેમાં શ્રદ્ધા ન રાખો, કોઈ વિધાનો પેઢીઓથી ચાલ્યાં આવ્યાં છે માટે જ તેમાં ન માનો, તમારા ગુરુઓ અને વડીલોનો આદેશ છે માટે પણ ન માનો. પણ તમારી જાતે વિચાર કરો, પૃથક્કરણ કરી જુઓ અને જ્યારે પરિણામ સ્વીકાર્ય બને તથા સર્વ કોઈનું ભલું કરે એવું દેખાય ત્યારે તેને સ્વીકારો અને તે પ્રમાણે જીવન જીવો.''

**- સ્વામી વિવેકાનંદ**

**અથવા**

(૨)

વિદ્યાપીઠનું શિક્ષણ એ વિશિષ્ટ શક્તિ ધરાવનારાઓ માટેનો વિશેષાધિકાર છે. અને જેમની પાસે આ શક્તિ છે, પણ તે માટેના પૈસા નથી, તેમને સમાજના પૈસાથી એ તાલીમ મળવી જોઈએ. શક્તિ માટેની કસોટીમાંથી પસાર થયા વગર કોઈને વિદ્યાપીઠમાં પ્રવેશ મળવો ન જોઈએ. અને વિદ્યાપીઠમાંથી દાખલ થયા પછી પણ અધ્યાપકને તે વિદ્યાર્થીએ એવી ખાત્રી કરાવી દેવી જોઈએ કે તે પોતાને મળેલી તક અને સમયનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. પોતાના અભ્યાસ અને મહેનતથી અધ્યાપકોને સંતોષ આપી શકે તે જ વિદ્યાર્થી વિદ્યાપીઠમાં રહી શકે, તેમ થવું જોઈએ. વિદ્યાપીઠ એ નવરાસનો સમય ગાળવા માટેનું સ્થાન છે, અને ધનિક લોકોના વિદ્યાર્થીઓ એમાં ત્રણ-ચાર વરસ લહેર કરે એવો ખ્યાલ હવે ચાલ્યો ગયો છે. ખરું જોતાં વિદ્યાપીઠના વરસો તે વિદ્યાર્થીનાં વિદ્યા માટેની તપસ્યાનાં વરસો બનાવોં જોઈએ.

- **બર્ટ્રાન્ડ રસેલ**

૨ નીચેના 'બે' પૈકી કોઈ પણ '**એક**' ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **૧૪**

(૧)

પુરાણના પાંચ લક્ષણ છે : ઈતિહાસ, સૃષ્ટિની ઉત્પત્તિ, લય, યુગોનાં વર્ણન તથા તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોનું રૂપકો દ્વારા સમજૂતીપૂર્વકનું નિરૂપણ વગેરે. આ પુરાણો લખવાનું પ્રયોજન, વેદના ધર્મને લોકભોગ્ય બનાવવો તે હતું. વેદો જેમાં લખાયા છે તે ભાષા અતિ પ્રાચીન છે અને વિદ્વાનોમાંથી યે બહુ જ થોડાઓ આ ગ્રંથોનો કાળ નક્કી કરી શકે તેમ છે. પુરાણો તે વખતના લોકોની ભાષામાં લખાયાં હતાં; એ ભાષાને આપણે આધુનિક સંસ્કૃત કહીએ છીએ. એ રચાયા હતા સામાન્ય લોકોને માટે, વિદ્વાનોને માટે નહીં. કારણ કે સામાન્ય લોકો ઊંચું તત્ત્વજ્ઞાન સમજી શકે નહીં. આ કારણે લોકોને એવી ઉચ્ચ વસ્તુઓ સંત-મહાત્માઓનાં ચરિત્ર, રાજાઓનાં ચરિત્રો, મહાપુરુષોનાં જીવન-ચરિત્રો, વિશિષ્ટ જાતિ અંગેની ઐતિહાસિક ઘટનાઓ વગેરેની સહાયથી સ્થૂલરૂપમાં પહોંચાડવામાં આવી હતી. ધર્મનાં સનાતન સત્યો સમજાવવા સારું ઋષિઓએ આ બધી બાબતોનો ઉદાહરણો રૂપે ઉપયોગ કર્યો.

- **સ્વામી વિવેકાનંદ**

**અથવા**

(૨)

ઘરનું એક સભ્ય માંદુ હોય અને જે અહેસાસ અન્ય સભ્યોને થતો હોય છે તેવી જ લાગણી ઘરમાં ટેલિવિઝન બંધ હોય ત્યારે થતી હોય છે. ટી.વી. બગડ્યું હોય તો ઘરમાં બધા સભ્યો 'બગડતાં' હોય. ઘરમાં માંદા થયેલ સભ્ય કદાચ કલાકમાં સાજા ન થાય પરંતુ ટી.વી. તો કલાકમાં રીપેર થઈ જ જવું જોઈએ. ઘરમાં બંધ રહેલું નાદુરસ્ત ટી.વી. ઘરના દુરસ્ત સભ્યોની તબિયત બગાડે છે. ટી.વી. આજે ઘરનું એક સભ્ય બની ગયું. મમ્મી કે પપ્પા બે દિવસ બહારગામ ગયા હોય તે સાંખી શકતી આજની પેઢી બે દિવસ ટી.વી. બંધ હોય તે સહન કરી શકતી નથી. ટી.વી. આપણા ઘરોમાં મનોરંજનનું એકમાત્ર સાધન રહી ગયું છે. મમ્મીને પોતાના કામ કરવા માટે અને બાળકોને એંગેજ રાખવા માટે ટી.વી. ચાલુ કરી આપવું એક સરળ ઉપાય છે. બાળકો મા-બાપને હેરાન પરેશાન ન કરે તે માટેનો મોટો અને સારો વિકલ્પ ટી.વી. સામે બેસાડી દેવાનો છે. મા-બાપનો એક જ એજેન્ડા- ''ટી.વી.માં એને જે જોવું હોય તે જુએ અને જે રમવું હોય તે રમે પરંતુ અમને હેરાન ન કરે.''

**- ડૉ. સંતોષ દેવકર**

૩ 'દ્વન્દ્વ' અને 'તત્પુરુષ' સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો : **૧૪**

**અથવા**

૩ નીચેના સમાસોનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો : **૧૪**

(૧) પ્રતાપ

(૨) નભાઈ

(૩) ગાંડીવપાણી

(૪) મહાબાહુ

(૫) ચતુર્ભુજ

(૬) ચક્રપાણિ

(૭) ગજાનન

૪ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી પુનઃ લેખન કરો : **૧૪**

ગંગાએ જરા લોટવાળા હાથ ખંખેરતાં હસતે મોઢે બહાર આવી કહ્યું ભાઈ તમારે માટે ભજિયાંનો લોટ જરા દળતી હતી મોઢું કેમ સુકાઈ ગયું છે મુકન્દે એ જ અવાજમાં કહ્યું પણ હજી તમે રસોઈ ન કરી મેં તાર કર્યો હતો ને કેટલું બધું મોડું થયું.

**અથવા**

૪ પૂર્ણવિરામ, અર્ધવિરામ અને અલ્પવિરામનો ઉપયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે તે જણાવી, ત્રણેય વિરામ ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો. **૧૪**

૫ નીચેના 'ચાર' પૈકી કોઈ પણ **'બે'** પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : **૧૪**

(૧) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો :

(૧) અડધી રાતે

(૨) અંગારો ઊઠવો

(૩) આઘુંપાછું કરવું.

(૪) ઊંડાપાણીમાં ઊતરવું

(૫) એકનું બે ન થવું

(૬) કક્કો ખરો કરવો

(૭) કોણીએ ગોળ લગાડવો

(૨) નીચેની કહેવતોની અર્થ આપો :

(૧) અધૂરો ઘડો છલકાય ઘણો

(૨) આંધળામાં કાણો રાજા

(૩) ઊઠ પહાણા, પગ પર પડ

(૪) ઊલમાંથી ચૂલમાં પડવું

(૫) કડવું ઓસડ મા પાય

(૬) કીડી સંચરે ને તેતર ખાય

(૭) ગામને મોઢે ગળણું ન દેવાય

(૩) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો :

(૧) ખાડામાં ઉતારવું

(૨) ઘડો ફૂટવો

(૩) છક્કા છૂટી જવા

(૪) છાપરે ચડવું

(૫) ટાઢે પાણીએ ખસ જવી

(૬) દમ મારવો

(૭) દહાડા ભરાઈ જવા

(૪) નીચેની કહેવતોનો અર્થ આપો :

(૧) ઘરકી મુરઘી દાળ બરાબર

(૨) ચોરનો ભાઈ ઘંટી ચોર

(૩) ઝાઝી કીડીઓ સાપને તાણે

(૪) દોરડી બળે પણ વળ ન છોડે

(૫) નહિ મામા કરતાં કહેણો મામો સારો

(૬) બોલે તેના બોર વેચાય

(૭) લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય